ADMISSION OPEN

# ડાયરેક્ટરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ

એલ.ડી . કોલેજ ઓફ એન્જિનિયરિંગ કેમ્પસ, નવરંગપુરા , અમદાવાદ-૩૮૦૦૧૫

REGISTER NOW

# ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો માં વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઑનલાઈન પ્રવેશ કાર્યક્રમ

## પ્રવેશની લાયકાત

**સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની માન્ય બેઠકોની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થા ઓની ૫૦% બેઠકો માટે:** ગુજરાત રાજ્ય સ્થિત માન્ય બોર્ડની શાળા ઓમાંથી અથવા ઉલ્લેખિત અન્ય જોગવાઈ સાથે લઘુત્તમ લાયકત સાથે ધોરણ ૧૨ ની પરીક્ષા પાસ કરેલ હોય અને ગુજકેટ-૨૦૨૫ ની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

**સરકારી તથા અનુદાનિત સંસ્થા ઓની માન્ય બેઠકોની ૫% બેઠકો માટે:** સમગ્ર દેશમાં (ગુજરાત રાજ્ય સહિત) સ્થિત માન્ય બોર્ડની શાળાઓ માંથી લઘુત્તમ લાયકાત સાથે ધોરણ ૧૨ ની પરીક્ષા પાસ કરેલ હોય અને JEE(મેઈન)-૨૦૨૫ પરીક્ષા માં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

**નામાભિધાનિત સેન્ટર ઓફ એક્સેલેન્સની બેઠકો માટે:** પ્રવેશના નિયમો માં ઉલ્લેખિત અન્ય પાત્રતા ના માપદંડો ને અનુરૂપ ગુજરાત રાજ્યમાં સ્થિત માન્ય બોર્ડની શાળા ઓમાંથી  લઘુત્તમ લાયકાત પ્રાપ્ત કરેલ હોય અને સંબંધિત પ્રવેશ પરીક્ષામાં હાજર રહેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

## નિયુક્ત કરાયેલા  સાયબર સ્પેસ સેન્ટર્સ

**સમય: કામકાજના દિવસો માટે સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી**

**પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઇન્ટરનેટ દ્વારા ઓનલાઇન રજીસ્ટ્રેશન ફરજિયાત છે.** ઇન્ટરનેટ સુવિધા ન ધરાવતા ઉમેદવાર કોઈપણ ચાર્જ ભર્યા વિના પ્રવેશ સમિતિ દ્વારા નિયુક્ત સાઈબર સ્પેસ સેન્ટર્સ (સુચી વેબસાઈટ www.acpc.gujarat.gov.in પર ઉપલબ્ધ છે) પર રજીસ્ટ્રેશનની સુવિધા મેળવી શકશે.

## Visit acpc.gujarat.gov.in for

- નોટીફીકેશન્સ, લાયકાત અને મેરીટ તૈયાર કરવા માટેના નિયમો
- ઈ-બુકલેટ, સંસ્થાઓ અને અભ્યાસક્રમોની યાદી
- નિયુક્ત કરાયેલા સાયબર સ્પેસ સેન્ટર્સ ની યાદી
- પ્રવેશ નો કાર્યક્રમ, કોમન મેરીટ લીસ્ટ
- સમગ્ર પ્રવેશ પ્રક્રિયાની તમામ પ્રકારની જાહેરાત અને નોટીસ
- કટ-ઓફ માર્કસ
- પ્રવેશ ફાળવણીનું પરિણામ અને વિશ્લેષણ

**ઓનલાઇન રજીસ્ટ્રેશન ની પ્રક્રિયા તારીખ ૨૪-૦૩-૨૦૨૫ ના રોજ બપોરે ૦૨:૦૦ વાગ્યાથી શરૂ થશે.**

**ઉમેદવારો પોતાનું રજીસ્ટ્રેશન, બોર્ડ / પ્રવેશ પરિક્ષાનુ  રીઝલ્ટ જાહેર થાય તે પહેલાં  પૂર્ણ કરી શકશે.**

## લઘુત્તમ લાયકત

**ગુજરાત રાજ્યની ઈજનેરી કોલેજોની કોઈપણ બેઠકોના પ્રવેશ માટે ઉમેદવારે AICTE દ્વારા નિર્ધારિત અને સરકાર દ્વારા સૂચિત વિષયોમાં ઓછામાં ઓછા 45% (અનામત વર્ગ માટે 40%) સાથે HSC પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ. તેની વિગતો www.acpc.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.**

## મેરિટની જોગવાઈ

- **સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની માન્ય બેઠકોની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થા ઓની ૫૦% બેઠકો માટે:** ગણિત, ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર (અથવા પાત્ર શાખાઓ માટે જીવવિજ્ઞાન) વિષયમાં સંબંધિત બોર્ડ દ્વારા જાહેર કરાયેલ જે તે વર્ષના થીયરી પર્સન્ટાઇલના ૫૦% વેઈટેજ અને સંબંધિત વિષયોમાં GUJCET-૨૦૨૫ પરીક્ષાના પર્સન્ટાઇલના ૫૦% વેઈટેજના મેરિટ ગુણના આધારે મેરિટ તૈયાર કરવામાં આવશે.
- **સરકારી તથા અનુદાનિત સંસ્થા ઓની માન્ય બેઠકોની ૫% બેઠકો માટે:** મેરિટ JEE (મુખ્ય) ૨૦૨૫ ના આધારે NTA, દિલ્હી દ્વારા જાહેર કરાયેલા ઓલ ઈન્ડિયા રેન્કના આધારે તૈયાર કરવામાં આવશે.

## Visit gujacpc.admissions.nic.in for

- ઓનલાઈન રજીસ્ટ્રેશન
- રજીસ્ટ્રેશન ફી ભરવી
- ચોઈસ ફીલીંગ
- પ્રવેશ ફાળવણી
- એડમીશન કન્ફર્મેશન અને તેમાટે  ટોકન ટ્યુશન ફી ભરવી
- એડમીશન કન્ફર્મેશન અને કેન્સલ કરવા માટે

## રજીસ્ટ્રેશન પ્રક્રિયા

- ઓનલાઇન રજીસ્ટ્રેશન અને તેની રજીસ્ટ્રેશન ફી ભરવાની છેલ્લી તારીખ ૨૦-૦૫-૨૦૨૫(સાંજે ૦૫:૦૦ કલાક) છે.
- ઉમેદવારે સંબંધિત ડોક્યુમેન્ટ અપલોડ કરીને રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને રજીસ્ટ્રેશનની ફી રૂ. ૩૫૦/- (નોન રિફંડેબલ) ઓનલાઇન મોડ દ્વારા ચૂકવવા ની રહેશે.
- શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારોએ પ્રવેશ પ્રક્રિયા માટે લાયક બનવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત છે. રજીસ્ટ્રેશન માટે અન્ય કોઈ માધ્યમ ઉપલબ્ધ નથી.
- ઉમેદવારે કોઈપણ ડોક્યુમેન્ટ રૂબરૂ આપવાની અથવા તેની રૂબરૂ ચકાસણી કરાવવા જવાની જરૂર નથી . પ્રવેશ માટેની સંપૂર્ણ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન છે.
- વિવિધ માહિતીઓ, ડોક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયા અને અન્ય પ્રવેશ સંબંધિત જાણકારી માટે પ્રવેશ સમિતિની વેબસાઈટ અને લોગ-ઇન પોર્ટલ દ્વારા રોજબરોજ જોવાની ઉમેદવારો અને વાલીઓ ને સલાહ આપવામાં આવે છે.

**ACPC દ્વારા ગુજરાતના તમામ જિલ્લામાં ૨૯.૦૩.૨૦૨૫  થી ૧૮.૦૫.૨૦૨૫ દરમિયાન ઉમેદવારો અને વાલીઓ માટે વિના મુલ્યે અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવશે. વિગતવાર કાર્યક્રમ સમિતિની વેબસાઇટ અને અગ્રણી વર્તમાનપત્રોમાં  પ્રકાશિત કરવામાં આવશે.**

gujacpc.admissions.nic.in

ACPC Gujarat

**૦૭૯-૨૬૫૬૬૦૦૦**

સમય
સવારે ૦૮.૦૦ થી મધ્યરાત્રી ૧૨.૦૦ સુધી

acpc.gujarat

acpc.gujarat.gov.in